શ્રી કૃષ્ણ હૉસ્પિટલ દ્વારા
આશીર્વાદ™

# પરમાર્થ

આપની સહાયથી અન્યને મદદ મળે છે.

જુલાઈ - સપ્ટેમ્બર ૨૦૨૨

## શુભેચ્છકોની અભિવ્યક્તિ :

ચારુતર આરોગ્ય મંડળ દ્વારા સંચાલિત શ્રી કૃષ્ણ હૉસ્પિટલ તદ્દન વાજબી દરે તબીબી સારવાર આપીને આપણા સમાજનાં પાછળ ધકેલાઈ ગયેલાં લોકો માટે એક મહત્ત્વશીલ અને જવાબદાર કાર્ય કરી રહ્યું છે. હું આશા રાખું છું કે, આપણો સમાજ એ સમજવા માટે પૂરતો પરિપક્વ છે કે, આપણે એક પરિવાર છીએ અને ગરીબ જરૂરતમંદ દર્દીઓનાં કલ્યાણ માટે વાજબી રકમનું યોગદાન આપવું જોઈ.

'ભગવાન કૃષ્ણ આપણને હંમેશાં સત્યતાનાં માર્ગ તરફ માર્ગદર્શન આપતા રહે.'

**- શ્રી શિવાદિત્ય સેન, આણંદ**

એક સમાજના ભાગ તરીકે આપણી કેટલીક જવાબદારી છે, એવા લોકો પ્રત્યે જેઓ તેમની સ્વાસ્થ્યની જરૂરિયાતોને પહોંચી વળવા અસક્ષમ છે. હું મારી જવાબદારીઓ નિભાવવા માટે મંડળને દાન કરવાનું પસંદ કરું છું.

**- શ્રી સુનિલભાઈ વી. મોટવાણી, અમદાવાદ**

શ્રી કૃષ્ણ હૉસ્પિટલનાં દાતા તરીકેનો મારો અનુભવ વ્યક્ત કરતાં મને આનંદ થાય છે કે, આ હૉસ્પિટલ તમામ કુટુંબ માટે પારિવારિક સંસ્કૃતિનું નિર્માણ કરી રાષ્ટ્ર પ્રત્યે મહાન સેવાઓ આપે છે.

**- શ્રી રિતેશ ગોહિલ, વડોદરા**

## દર્દીની કૃતજ્ઞતા

સુરતના રહેવાસી ૨૦ વર્ષીય હર્ષ વાઘેલાને 'ગુલિયન બૅર સિન્ડ્રોમ' થતાં ભાગી પડ્યો હતો. આ દુર્લભ રોગમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ અને ચેતાતંત્ર પર હુમલો થાય છે. સારવારનો ખર્ચ ઉઠાવવા અસમર્થ આ ગરીબ પરિવાર તેને શ્રી કૃષ્ણ હૉસ્પિટલ લાવ્યા. દર્દીની સારવાર માટે ખૂબ ચુસ્ત અભિગમ અપનાવવામાં આવ્યો હતો. જેમાં બધા વર્ગના મુખ્ય ડૉક્ટરોનો સમાવેશ થયો હતો. દર્દીનું પરિવાર સારવારનો ખર્ચ ઉઠાવવા અસમર્થ જણાયું અને તેથી તેનો ખર્ચો હૉસ્પિટલ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. હર્ષ અને તેના પિતા સંતોષપૂર્વક ઘરે ગયા અને સારવાર કરનાર ટીમનો આભાર માની સંતોષપૂર્વક ઘરે ગયા.

અમે ચારૂતર આરોગ્ય મંડળ તરફથી, સૌ દાતાઓ તેમજ દાનવીર સંસ્થાઓ થકી મળેલ સહાય માટે કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ સહાય દ્વારા અમે જરૂરીયાતમંદ દર્દીઓને ગુણવત્તાસભર સારવાર - અત્યાધુનિક સાધનો તથા પ્રોસીજર્સનાં ઉપયોગ દ્વારા પૂરી પાડી શક્યા.

## અધ્યક્ષની કલમે

વ્હાલા મિત્રો,



ચારુતર આરોગ્ય મંડળની સ્થાપનાને જુલાઈમાં ૫૦ વર્ષ પૂરા થયા અને અમે આ સુવર્ણ જયંતીને ખૂબ જ કૃતજ્ઞતા સાથે ભાવવિભોર થઈ વધાવી. આ પાંચ દાયકાની મુસાફરી અનેક પડકારો સાથે પણ આનંદદાયક રહી છે અને અમને પૂર્ણતાની અનુભૂતિ કરાવે છે. મારું દૃઢપણે એવું માનવું છે કે, એનું મુખ્ય કારણ અમારા ઉદાર દાતાનો અવિરત સહકાર અને અને તેમનો અમારા ઉપર અડગ વિશ્વાસ છે. આપ સહુના સહકાર સાથે મંડળે અત્યાર સુધી ૭.૫ મિલિયન દર્દીઓને સારવાર આપી શક્યું છે, અને તેમાંથી મોટાભાગના આ સારવારનો ખર્ચ ભોગવી શકે તેમ ન હતા. આપણી હૉસ્પિટલ દ્વારા અપાતી સારવાર કાર્યદક્ષ અને માનવતાસભર હોવાની સાથે પરવડે તેવા દરે મળી રહે તે માટે અમે સતત સચેત રહીએ છીએ.

મંડળની શરૂઆત એક નર્સિંગ સ્કૂલ સાથે ખૂબ જ નાના પાયે થઈ હતી અને આજે તે એક વિશાળ વટવૃક્ષ બનીને ભાઈકાકા યુનિવર્સિટીના માધ્યમથી ૧,૦૦૦ પથારી ધરાવતી એન.એ.બી.એચ. પ્રમાણિત શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, મૅડિકલ કૉલેજ, ફીઝિયોથેરાપી કૉલેજ, મૅડિકલ લૅબોરેટરી અને મૅડિકલ ટૅકનોલૉજીની કૉલેજોનું સંચાલન કરી રહી છે.

સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ અને વિકાસ માટેના અમારા ચાર આધરસ્તંભ દર્દીની સંભાળ, તબીબી અભ્યાસ, સંશોધન અને સમુદાય આરોગ્ય છે અને અમારી દરેક પ્રવૃત્તિ અને પહેલ આ ચાર ઉદ્દેશ્યોને કેન્દ્રિત રહે છે.

દર્દીઓને ઉત્કૃષ્ટ સંભાળ મળી રહે પછી તેમની સારવાર ખર્ચ ભોગવવાની ક્ષમતા હોય કે ન હોય; વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતમ તબીબી અભ્યાસ અને તાલીમ માટેની વ્યવસ્થા, બદલાતા નવા ધોરણો પ્રમાણે એમને મળી રહે એ માટે આ પાંચેય દાયકા દરમ્યાન અમે કટિબદ્ધ રહ્યા છીએ.

આ સિવાય, દર્દી સંભાળ માટે જરૂરી એવી તમામ અદ્યતન સુવિધાઓના નિર્માણ માટે, અને ઉપકરણો વસાવવા માટે અમે લખલૂંટ પ્રયત્નો કરતાં રહીએ છીએ. તાજેતરમાં જ અમારા કૅન્સર સૅન્ટર માટે એક પૅટ સ્કૅન મશીન લાવવા માટે અમે ભંડોળ એકઠું કરવાના સ્રોત શોધી રહ્યા છીએ. પૅટ સ્કૅન સુવિધા આવવાથી કૅન્સરના દર્દીઓને લાંબી મુસાફરીને તકલીફમાંથી નિવારી શકાશે અને તેમનો સોનેરી સમય સારવારને ઝડપથી શરૂ કરવા માટે ઉપયોગમાં લેવાશે.

આપના વિશ્વાસ અને સહયોગથી અમે અદ્દભૂત સિદ્ધિઓ હાંસલ કરી છે જેના દ્વારા જનસમુદાયને અન્ય સેવાનો લાભ મળ્યો છે. ગુણવત્તાયુક્ત અને માનવસભર તબીબી સેવાઓ દરેક જરૂરતમંદ દર્દીને મળી રહે તે માટેના આ અવિરત સેવાયજ્ઞમાં આપના બિનશરતી અને ઉદાર દાન માટે સદાય આપનો ઋણી.

**- અતુલ પટેલ**
અધ્યક્ષ, ચારુતર આરોગ્ય મંડળ

## મંડળ હાઈલાઈટ્સ

- ડૉ. જીતેશ દેસાઈ, પ્રૉફેસર, જનરલ સર્જરી વિભાગની ૧૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ ખાતે દર્દી સંભાળ સેવાઓનાં મૅડિકલ સુપ્રિટેન્ડેન્ટ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.



- ચારુતર આરોગ્ય મંડળ (ભાઈકાકા યુનિવર્સિટીની માતૃસંસ્થા) એ ૨૮મી જુલાઈ ૨૦૨૨ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કરતા મંડળના અસ્તિત્વનીઝાંખી કરાવતા નીતિ સૂત્રોને પ્રદર્શિત કરતા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- પીડિયાટ્રિક કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન ડૉ. વિશાલ ભેંડે દ્વારા એક દસ વર્ષનો છોકરો જેને મિટ્રાલ રિગર્ગિટેશન (હૃદયના વાલ્વમાં કાયમી નુકસાન) સાથે સંધિવા હૃદયરોગનું નિદાન કરી તેના હૃદયના વાલ્વ રિપેરની સર્જરી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.
- કૅન્સર સેન્ટરનો ૧૮મો સ્થાપના દિવસ અને સ્થાપક અધ્યક્ષ ડૉ. એચ.એમ. પટેલની ૧૧૮મી જન્મજયંતી ૨૮મી ઑગષ્ટના રોજ ઉજવવામાં આવી.




- ભારતનો ૭૬મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ ઉત્સાહ સાથે અને તિરંગો લહેરાવીને ઉજવવામાં આવ્યો.
- શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ દ્વારા કચ્છ ખાતે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટના સહયોગથી બે દિવસીય હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
- શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદના પ્રિવિલેજ સૅન્ટર ખાતે ૬-૭ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ વૅરિકોઝ વેઈન્સ (અતિશય ફૂલેલી નસો) માટે નિઃશુલ્ક નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. જયેશ પટેલ, વાસ્ક્યુલર સર્જન દ્વારા ૧૩૦ થી વધુ દર્દીઓની તપાસ કરી તબીબી સલાહ આપવામાં આવી.

## વિશાલ રઈજીભાઈ સોલંકી – શાળાએ પરત ફર્યો



વર્ગ પાંચનો રમતિયાળ વિદ્યાર્થી વિશાળ સોલંકી, રઈજીભાઈ સોલંકીનો મોટો પુત્ર છે. રઈજીભાઈ પેટલાદ તાલુકાના પંડોળી ગામમાં ખેતમજૂરી કરી ૪ સભ્યોના પરિવારનું ગુજરાન ચલાવે છે. વિશાલ રમતી વખતે ઘડીભરમાં થાકી જતો અને તેને વારંવાર તાવ પણ રહેતો. છેલ્લે જ્યારે તેને તાવ આવ્યો ત્યારે તે ૧૫ દિવસથી વધુ ચાલ્યો હતો અને સ્થાનિક ડૉક્ટરો દ્વારા તેની સારવારથી સારું ન થવાથી તેને શ્રી કૃષ્ણ હૉસ્પિટલ લાવવામાં આવ્યો. પ્રારંભિક તપાસમાં તાવનું ચોક્કસ કારણ જાણી ન શકાયું આથી ટી.બી. ટેસ્ટ કરવામાં આવ્યો અને તેને ટ્યુબલરક્યુલોસિસ મેનિન્જાઈટિસ હોવાનું નિદાન થયું.

તેને પીડિયાટ્રીક આઈ.સી.યુ.માં ૪૦ થી વધુ દિવસસુધી તજજ્ઞ ડૉક્ટર્સ અને પૅરામૅડિકલ સ્ટાફની દેખરેખ હેઠળ ભારે દવાઓ સાથે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ વૅન્ટ્રિક્યુલો પૅરિટોનિયલ (VP) શંટ સર્જરી કરવામાં આવી હતી.

પૂરતો પ્રોટિનયુક્ત ખોરાક અને દેખરેખ હેઠળ નિયમિત ફીઝિયોથેરાપી કસરત કરવાની સલાહ સાથે તેને ઘરે જવા રજા આપવામાં આવી. પરિવારને તેના ભવિષ્ય માટે નવી આશાનું કિરણ મળ્યું. અને તેઓએ સર્વ સમર્થકો અને ડૉક્ટર્સની ટીમનો આભાર વ્યક્ત કર્યો.

## એક ઓછા વજન ધરાવતા નવજાત શિશુનો જીવ બચાવ્યો

ચંદ્રિકાબેન પઢિયારે ઘણી જટિલતાઓ સાથે ઓછા વજનવાળા બાળક (૧.૧ કિ.ગ્રા)ને અધૂરા મહિને જન્મ આપ્યો હતો. બાળકને જન્મ સમયે ગુંગળામણ અને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી તેના જીવિત રહેવાની ખૂબ જ ઓછી સંભાવના હતી. ડૉક્ટર્સે નવજાત બાળકનો જીવ બચાવવાનો નિર્ધાર કર્યો અને તેને થોડા દિવસો માટે ઈન્વેસિવ મિકેનીકલ વૅન્ટિલેટર પર રાખવામાં આવ્યું જેમાં સુધારાના સંકેત દેખાતા સારવાર સહાય લંબાવવામાં આવી અને અંતે બાળકનું વજન વધ્યું.



બાળકને ૩૫ દિવસથી વધુ હૉસ્પિટલમાં રાખવામાં આવ્યું. જેમાં લગભગ ૭૦૦ ગ્રામ વધારાનું વજન ઉમેરવામાં મદદ મળી. સંતોષકારક પ્રતિભાવ મળતાં ડૉક્ટરોએ બાળકને ઘરે જ બાળસંભાળ અને દેખરેખની સલાહ સાથે રજા આપવામાં આવી હતી. પરિવારે ડૉક્ટર્સની ટીમ અને બાળકને નવજીવન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો

## એક માતા અને તેનાં બાળકને બચાવ્યા

૨૨ વર્ષીય સ્મિતા ચૌહાણ તેના પ્રથમ બાળકના આગમનનાં સપના જોઈ રહી હતી. પરંતુ અચાનક પીડા અને ૩૦.૨ અઠવાડિયાં પર થયેલ અકાળ ડીલિવરીએ તેના સપનાને દુઃખમાં ફેરવી નાખ્યું. માતાની બગડતી સ્થિતિ સાથે બાળકને એક પ્રસૂતિ કેન્દ્રમાંથી શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા. બાળક અપરિપક્વ અને વજન ખૂબ જ ઓછું હોવા સાથે શ્વાસ લેવામાં તકલીફ અને બ્રાન્ચોપલ્મોનરી ડિસપ્લેસિયા સાથે રક્ત કમીથી પીડાતું હતું. ગરીબ પરિવાર માટે માતાની સારવાર સાથે બાળકની લાંબી સારવારનો ખર્ચ ઉઠાવવો ખૂબ જ મુશ્કેલ હતો.



હૉસ્પિટલમાં ૫૦ દિવસની વૅન્ટિલેટર પર સઘન સારવાર બાદ તબીબી સલાહ અને માર્ગદર્શન પર બાળકની ઘરે જ દેખભાળ રાખવા સાથે રજા આપવામાં આવી હતી. સ્મિતાબેન અને તેના પરિવારે હૉસ્પિટલ અને દાતાઓનો આભાર માન્યો.


### કૃતજ્ઞતા:

અમે બધા દાતાઓના યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ છીએ કે જેઓ અમારા મિશનને ટેકો આપવા માટે ખૂબ ઉદાર છે.

**મુખ્ય દાતાઓ - જુલાઈ થી સપ્ટેમ્બર ૨૦૨૨ દરમ્યાન**

- મે. રોટોમૅગ મૉટર્સ ઍન્ડ કન્ટ્રોલ્સ પ્રા.લિ.
- મે. રોટોમોટીવ પાવર ડ્રાઈવ્સ ઈન્ડિયા લિ.
- મે. નવિન ફ્લોરિન ઈન્ટરનેશનલ લિ.
- મે. બજાજ એલાઈન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંું.લિ.
- ટાટા ઍજ્યુકેશન ઍન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- મે. ટ્રાન્સપૅક ઈન્ડસ્ટ્રીઝ લિ.
- સર દોરાબજી ટાટા ટ્રસ્ટ
- યુનાઈટેડ વે ઑફ બરોડા
- મે. ફાર્મસન ફાર્માસ્યુટિકલ ગુજરાત પ્રા.લિ.
- શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ
- મે. ઝાઈડેક્સ ઈન્ડસ્ટ્રિઝ
- ગિવ ફાઉન્ડેશન
- મે. સિલોક્સ ઈન્ડિયા પ્રા.લિ.
- મે. ઍન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંું.લિ.
- શ્રી અનિલ રમણભાઈ પટેલ
- ડૉ. સ્વપ્નિલ સુધિરકુમાર અગ્રવાલ
- ગિવ ફાઉન્ડેશન ઈન્ક.
- મે. વૅન્કટેશ ઈન્વેસ્ટમૅન્ટ ઍન્ડ ટ્રેડિંગ કંું.પ્રા.લિ.
- મે. આઈ.ડી.એમ.સી. લિ.
- મે. વિદ્યા વાયર્સ પ્રા.લિ.
- મે. માંગલ્ય સિરામીક
- સવિતાબેન ઍન્ડ હિરૂભાઈ પટેલ મૅમોરિયલ ફાઉન્ડેશન
- શ્રીમતિ હંસિકા મહેન્દ્ર શાહ
- શ્રી મહેન્દ્રકુમાર અંબાલાલ શાહ
- શ્રી સુનિલ સી. દવે
- ધ લોટ્સ ટ્રસ્ટ
- શ્રી કશ્યપ કિરણ સમ્પત
- શ્રીમતિ મિનાબેન કિશોરભાઈ દેસાઈ
- મે. આણંદ રિઝનલ કો-ઓ ઑઈલ સિડ્સ ગ્રોવર્સ યુનિયન લિ.
- શ્રી રાજીવ શર્મા
- કુ. સુશીલાબેન મુકુંદભાઈ સિદ્ધપુરીયા
- શ્રી એચ.એમ. ઠાકર એચ.યુ.ઍફ.
- શ્રી ચંદ્રકાન્ત અમિન

| ક્રમાંક | પ્રોજેક્ટનું નામ | અંદાજીત ખર્ચ, રૂા. |
|---|---|---|
| | **જરૂરતમંદ દર્દીઓને સહાય આપવાના વિકલ્પ** | |
| ૧ | એક ગરીબ કેન્સર દર્દી અથવા કાર્ડિયાક દર્દીની (હૃદય સંબંધી) સારવાર માટે | ૧,૨૫,૦૦૦ |
| ૨ | એન.આઈ.સી.યુ.માં દાખલ અધૂરા માસે જન્મેલ ઓછા વજનવાળા નવજાત શિશુની સારવારઅર્થે | ૭૫,૦૦૦ |
| ૩ | આશીર્વાદ વૉર્ડમાં દાખલ ૪૦ દર્દીઓના એક દિવસ માટે ભોજનદાન નિમિત્તે | ૧૦,૦૦૦ |
| ૪ | એક ગરીબ દર્દીના મોતિયાના ઑપરેશન માટે ખર્ચ ઉઠાવવા અર્થે | ૫,૦૦૦ |
| | **હૉસ્પિટલના મકાન, મશીનરી/સંશોધન અર્થે સહાય આપવાના વિકલ્પ** | |
| ૧ | કાર્ડિયાક સેન્ટર માટે સર્જીકલ સંશાધન રોટા-પ્રો | ૪૯,૫૬,૦૦૦ |
| ૨ | ડાયગ્નોસ્ટિક સેન્ટર માટે સેમી ઑટોમૅટિક મૉટરાઈઝ્ડ ક્રાયોસ્ટેટ | ૧૭,૯૩,૦૦૦ |
| ૩ | પ્રસ્તાવિત સ્કિલ લૅબમાં રૂમના નામકરણ હેતુ | ૧૦,૦૦,૦૦૦/(રૂમ દીઠ) |
| ૪ | કોર મૅડિકલ રિસર્ચ (સંશોધન) અર્થે (આવકવેરા અધિનિયમ 35 (1)(ii) હેઠળ) | ૧,૦૦,૦૦૦ અને તેથી વધુ |

**નોંધ:**

૧. દર્દીની સારવાર અર્થે કરેલ દાન ને સારવાર લઈ રહેલ એક દર્દી સાથે સાંકળી લેવામાં આવે છે.

૨. મકાન, મશીનરી હેતુ પ્રાપ્ત દાન માટે દાતાઓનાં યોગદાનની અભિવ્યક્તિ મંડળ દ્વારા અચૂક કરવામાં આવે છે. તેમજ જ્યાં શક્ય હોય ત્યાં નામકરણ પણ દાતાની ઈચ્છા મુજબ કરવામાં આવે છે.

૩. આપનાં દાનની રકમ ચેક અથવા પેટીએમ દ્વારા "ચારૂતર આરોગ્ય મંડળ" ને મોકલશો. દાનનો હેતુ સ્પષ્ટપણે જણાવશો. **<u>ઑનલાઈન દાન આપવા માટે બાજુમાં આપેલ QR Code સ્કૅન કરી, દાન આપ્યા પછી ઈ-મેઈલ/ફોન દ્વારા દાનની વિગત જણાવવા વિનંતી.</u>** દાનની રકમ આવક વેરા કલમ ૮૦ જી મુજબ ૫૦% ટેક્સ રાહતને પાત્ર થશે. યુ.એસ./યુ.કે.ની અમારી ચૅરિટીમાં દાન કરવા અને સ્થાનિક આવકવેરા રાહત મેળવવા માટે કૃપા કરી helpus@charutarhealth.org અથવા +91 81419 33322 પર અમારો સંપર્ક કરશો.

૪. સંસ્થાઓ અને પગારદાર વ્યક્તિઓ દ્વારા 'વૈજ્ઞાનિક સંશોધન' માટે કરાયેલ દાન આવકવેરા કલમ 35 (1) (ii) અને 80 GGA હેઠળ અનુક્રમે ૧૫૦% અને ૧૦૦% કર રાહતને પાત્ર થશે.

**મંડળ નીચે મુજબની સંસ્થાઓની સૂચિ પર છે.**

- ગિવ ઈન્ડિયા
- ચૅરિટી એડ ફાઉન્ડેશન, ઈન્ડિયા
- આઈ-ચૅરિટી
- હેલ્પ યૉર એન.જી.ઓ.
- ટિસ, સી.એસ.આર. હબ (ડિસેમ્બર ૨૦૨૩ સુધી)

**મંડળ નીચે મુજબની સંસ્થાઓ સાથે રજીસ્ટર્ડ છે**

- ગાઈડ સ્ટાર ઈન્ડિયા પ્લેટિનમ સીલ (રજી નં. ૭૮૦) (રિન્યુઅલ માટે અરજી કરેલ છે.)
- વર્ષ ૨૦૧૬માં મંડળને ઈમ્પલીમેન્ટીંગ એજન્સીસ હબનું બહુમાન ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉર્પોરેટ ઍફર્સ (આઈ.આઈ.સી.એ.) દિલ્હી દ્વારા કરવામાં આવ્યુ.

**મંડળને નીચે મુજબની સંસ્થાઓની માન્યતા પ્રાપ્ત થયેલ છે.**

- બી.એસ.ઈ. સમ્માન
- ક્રેડિટીબિલિટી ઍલાયન્સ (ડિઝાયર્ડ નોર્મ્સ)

## હા, હું સંકલ્પ કરવા માગું છું.

રૂા. ______________ (રૂા. શબ્દોમાં) ______________

મારો ટેકો ______________ ના પ્રસંગે/ની યાદમાં

આવર્તન (મહિને/ત્રણ મહિને/વર્ષે) ______________ હેતુ માટે ______________

નામ: ______________ ઈમેઈલ: ______________

સરનામુ: ______________

પીન કોડ: ______________ ફોન / મોબાઈલ નં. ______________ પાન નં: ______________

સહી

" તમને જે પ્રાપ્ત થાય છે તેનાથી જીવન નિર્વાહ થાય છે, પણ જે તમે આપો છો તેનાથી એક જીવન સફળ થાય છે"